## જુનાગઢ કૃષિ યુનીવર્સીટીની વિવિધ કચેરીઓ હસ્તકની રદબાતલ થયેલ લાકડા, લોખંડ અને પ્લાસ્ટિકની ડેડસ્ટોક આઈટમોનો હરરાજીથી નિકાલ કરવા માટેની ટેન્ડર નોટીસ ને લગતી માહિતી

(૧) કોરું ટેન્ડર ખરીદતા પહેલા રસ ધરાવતા ઇસમોએ નીચે મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરી લેવા વિનંતી છે.

(૨) હરરાજી માટેના માલસામાનનું નીચે પ્રમાણેની ૮ કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે.

| કેટેગરી નંબર | આઇટેમ |
|---|---|
| ૧ | લાકડાની ખુરશી, ટેબલ, બારણા, બારસાખ, બ્લેક બોર્ડ, બારી-દરવાજા, સનમાઇકાના પાટિયા, ધોડા તેમજ લાકડાનો અન્ય માલસામાન, વગેરે. |
| ૨ | લોખંડની ખુરશી, ટેબલ, સાયકલ, બેરલ, રેકડી, લોખંડના તગારા, લોખંડની સાકળ, લોખંડના ધોડા (રેક્સ), લોખંડના પાઇપ, સ્પ્રીન્કલર, સાણસી, તાળા, એલ્યુમિનિયમ ના ડબા-બેરલ, સ્ટીલના થાળી વાટકા, ગ્લાસ, છીબા, ચમચા , ડોયા, વગેરે વાસણ સહિત સ્ટીલ, લોખંડ અને તાંબાનો અન્ય માલસામાન, વગેરે. |
| ૩ | લોખંડના ખેતીને લગતા સાધનો જેવા કે સાંતી, હળ, થ્રેશર, ગ્રેડર, દાંતી, રામ્પ, વાવાનીયા, કલ્ટીવેટર, ટ્રેકટરની ફ્રેમ, ટ્રેકટર ટ્રેલર તથા ટ્રેકટરના વિવિધ એટેચમેન્ટ તેમજ જે.સી.બી./ ડોઝરને લગતો તમામ માલસામાન, સર્વેને લગતા તમામ સાધનો, વગેરે |
| ૪ | પીવીસી પાઇપ, એચ.ડી.પી.ઇ. પાઇપ, પીવીસી બેરલ, સ્પ્રીન્કલર (પીવીસી) વીથ સ્ટેન્ડ તેમજ પીવીસીનો અન્ય તમામ સામાન |
| ૫ | સ્પ્રેપંપ-ફક્ત મેન્યુઅલ ઓપરેટેડ (પીવીસી તથા અન્ય મટેરિયલ), વોટર જગ, ડસ્ટર તથા તેને લગતો સામાન |
| ૬ | ડીઝલ એન્જીન, ઓઇલ એન્જીન તેમજ તેને લગતી તમામ આઈટેમો, ઓટો સ્ક્રેપ તથા તેના પરચુરણ ટુલ્સ, વગેરે |
| ૭ | વાહનોના ટાયર-ટ્યુબ તેમજ રબરની અન્ય તમામ આઈટેમો |
| ૮ | કેટેગરી નંબર ૧ થી ૭ માં સમાવેશ થયેલ ન હોય તેવી ફક્ત લાકડા, લોખંડ અને પ્લાસ્ટિકની આઈટેમો. |

(૩) ઉપરોક્ત કેટેગરી ક્રમાંક (૧) થી (૮)ની આઈટેમો માટે સ્ક્રેપના માલસામાન સાથે સંકળાયેલ કોઇપણ પાર્ટી ભાવ ભરી શકશે.

(૪) હરરાજી માટેનો તમામ માલસામાન જુનાગઢ કૃષિ યુનીવર્સીટી કેમ્પસમાં કૃષિ વિજ્ઞાન વિભાગ હસ્તકના **કૃષિગઢ** ખાતે રાખવામાં આવેલ છે. આથી રસ ધરાવતી પાર્ટીએ **તા. ૦૪ થી ૧૧/૦૫/૨૦૨૬** દરમ્યાન કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૦.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમ્યાન હરરાજી માટેના માલસામાનને રૂબરૂ જોઇ ત્યારબાદ જ હરરાજી પ્રક્રિયામાં ભાગ લેવા વિનંતી.

(૫) **કોરા ટેન્ડર ફોર્મ** આચાર્ય, પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસિંગ, જુ.કૃ.યુ., જૂનાગઢની કચેરીએથી **તા. ૦૪ થી ૧૧/૦૫/૨૦૨૬** દરમ્યાન સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ તેમજ બપોરબાદ ૧૫.૦૦ થી ૧૭.૦૦ કલાક

દરમ્યાન ટેન્ડરની **ફી રૂ. ૧૫૦૦/-** (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) **રોકડેથી** ચૂકવીને મેળવી શકાશે. **ટેન્ડર ફી પરત મળવા પાત્ર નથી**, તેની ખાસ નોંધ લેવી. આથી સદર હરરાજીમાં ભાગ લેવા માંગતા ઇસમોએ જ ટેન્ડર ખરીદવા.

(૬) ભરેલ ટેન્ડર સાથે **રૂ. ૩૦,૦૦૦** (અંકે ત્રીસ હજાર રૂપિયા પુરા) **સિક્યુરીટી ડીપોઝીટ પેટેનો ડીમાન્ડ ડ્રાફ્ટ** "જુનાગઢ એગ્રીકલ્ચરલ યુનીવર્સીટી ફંડ એકાઉન્ટ"ના નામનો પેયેબલ એટ "જુનાગઢ" સામેલ રાખવાનો રહેશે. સિક્યુરીટી ડીપોઝીટ પેટેના ડીમાન્ડ ડ્રાફ્ટ વગરના ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી. ટેન્ડર મળ્યા બાદ પાછળથી તેની ડીપોઝીટ પેટેનો ડ્રાફ્ટ સ્વીકારવામાં આવશે નહી.

(૭) ભરેલ ટેન્ડર ફોર્મ મોડામાં મોડા **તા. ૧૩/૦૫/૨૦૨૬** ના **૧૭.૦૦ કલાક** સુધી **ફક્ત રજી.એ.ડી. પોસ્ટ/કુરિયરથી** આચાર્ય, પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસિંગ, જુ.કૃ.યુ., જૂનાગઢની કચેરી દ્વારા સ્વીકારવામાં આવશે. ભરેલા **ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી**. જેની નોંધ લેવી.

(૮) ટેન્ડર ખોલવાની **તા. ૧૬/૦૫/૨૦૨૬**, સમય **સવારે ૧૦.૦૦** કલાક નક્કી કરવામાં આવેલ છે. કમિટીને જરૂરી જણાય તો ટેન્ડર ખોલવા સમયે જે-તે કેટેગરીમાં સૌથી વધુ રકમ ભરનાર પ્રથમ બે પાર્ટીને નેગોશીયેશન માટે રૂબરૂ બોલાવવામાં આવશે. જે માટેની તૈયારી રાખવી.

(૯) ઉક્ત કેટેગરી પ્રમાણે જે-તે કેટેગરીમાં સૌથી વધુ ભાવ ભરનારના ટેન્ડર માન્ય રાખવામાં આવશે. આથી જે પાર્ટીના ભાવ મંજુર થાય તે પાર્ટીએ હરરાજીની રકમ **તા. ૧૬/૦૫/૨૦૨૬ થી તા. ૨૨/૦૫/૨૦૨૬** દરમ્યાન "જુનાગઢ કૃષિ યુનીવર્સીટી ફંડ એકાઉન્ટ" (પેયેબલ એટ "જુનાગઢ")ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા યુનીવર્સીટી ચલણ દ્વારા બેંકમાં સીધી જમા કરાવી તેની નકલ આચાર્ય, પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસિંગ, જુ.કૃ.યુ., જૂનાગઢની કચેરીમાં જમા કરાવવાની રહેશે. હરરાજી પ્રક્રિયા માટે નિયુક્ત થયેલ **કમિટીએ હરરાજીની રકમ રોકડમાં નહી સ્વીકારવાનો નિર્ણય કરેલ છે.**

(૧૦) સબંધિત પાર્ટીએ હરરાજીનો માલસામાન હરરાજીના સ્થળેથી **તા. ૧૬/૦૫/૨૦૨૬થી તા. ૨૨/૦૫/૨૦૨૬** સુધીમાં કચેરી સમય દરમ્યાન ઉપાડી લેવાનો રહેશે.

તા. ૦૧/૦૫/૨૦૨૬

આચાર્ય,
પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસિંગ,
જુ.કૃ.યુ., જૂનાગઢ

---

જા.નં. જુકૃયુ/પોલી/એપી/સ્ટોર/હરરાજી/ ૨૯૧-૨૯૩/૨૦૨૬,    તા. ૦૧/૦૫/૨૦૨૬

નકલ સવિનય રવાના:

(૧) નિયામકશ્રી, આઇ.ટી.સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ... યુની. વેબસાઇટ પર બહોળી પ્રસિધ્ધિ અર્થે,
(૨) કલેકટરશ્રીની કચેરી, જુનાગઢ ... નોટીસ બોર્ડ પર બહોળી પ્રસિધ્ધિ અર્થે,
(૩) કમિશ્નર શ્રી, મહાનગર પાલિકા, જુનાગઢ... નોટીસ બોર્ડ પર બહોળી પ્રસિધ્ધિ અર્થે,